ગાંધીનગર સેક્ટર-૧૧ રામકથા મેદાનમાં ગુજરાત રાજપૂત સંમેલન યોજાયું હતું. સ્વ. પૂ. તનસિંહજીની જન્મજયંતિ નિમિત્તે યોજાયેલ રાજપૂત સમાજ સંમેલનમાં તમામ વક્તાઓએ સમાજના સંગઠનમાં અને સમાજમાં શિક્ષણના પ્રભાવ સંદર્ભે વક્તવ્ય આપ્યા હતા. મોટી સંખ્યામાં રાજપૂત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

ગાંધીનગરમાં પણ વધતો સ્કીઝોફ્રેનિયાનો ઉપદ્રવ

અંતર્મુખી, શરમાળ, એકલવાય સ્વભાવના વ્યક્તિઓમાં આ બિમારી થવાની શકયતા ઘણી વધુ...

ગાંધીનગર, તા.૩૧

આપણે આપણી આસપાસના વ્યવહાર જગતમાં અનેક વ્યકિતઓને એકલવાયા, અંતર્મુખી, શરમાળ તથા એકલા એકલા વાતો કરતાં જોયા છે. જે સામાન્ય વ્યકિત કરતાં કંઈક અંશે અલગ જ લાગે! જેમ કે આપણા ગાંધીનગરના સેકટર-૮ના બસસ્ટેન્ડ પાસે અથવા પથિકાશ્રમ પાસેના બસ સ્ટેન્ડે એક વ્યકિત મોટો ડગલા જેવો કોટ પહેરીને, મોટા મોટા થેલા સાથે એકલો અટૂલો બેઠેલો જોયો હશે... કયાંક અલગ જ દુનિયામાં જીવતો હોય તેવું લાગે છે. આ છે 'સ્કીઝોફ્રેનીયા'નો દર્દી!!!

સ્કીઝોફ્રેનીયા એક ગંભીર માનસિક બિમારી છે. આ બિમારી દર્દીની માનસિક શકિતઓ, લાગણી, વિચારો અને વર્તણૂંક પર અસર કરે છે. આ દર્દીઓ મોટા ભાગે વાસ્તવિકતાથી દૂર-પર હોય છે. અથવા શું વાસ્તવિક છે અને શું અવાસ્તવિક છે તે બંને વચ્ચેનો તફાવત કરી શકતા નથી અને તેને જ સાચું માને છે એમ જાણીતા મનોચિકિત્સક ડૉ. રાજેન્દ્ર આનંદ જણાવે છે.

> **સ્કીઝોફ્રેનીયા મગજના જ્ઞાનતંતુઓ દ્વારા બનતા રસાયણો-ન્યુરોટ્રાન્સમીટરો ખાસ કરીને ડોપામીન, સેરોટોમીન તેમજ અન્યના લેવલમાં ફેરફાર થવાથી થાય છે. બિમારી થવા પાછળ જૈવિક, માનસિક, સામાજિક પરિબળો અને માનસિક તણાવ કારણભૂત બને છે.**

સ્કીઝોફ્રેનીયા એક એવો રોગ છે જે ગમે તે ઉંમરે, ગમે તે વ્યકિતને થઈ શકે છે! મોટા ભાગે જે વ્યકિત અંતર્મુખી હોય, શરમાળ હોય, એકલા રહેવાના સ્વભાવવાળી હોય..તેને આ ગંભીર બિમારી હોવાની શકયતા નકારી ન શકાય.

સમગ્ર ભારતમાં અને વિશ્વમાં સ્કીઝોફ્રેનીયાના લાખો દર્દીઓ છે. તારણ મુજબ દર સો વ્યકિતઓએ એક વ્યકિત સ્કીઝોફ્રેનીયાનો શિકાર હોય છે. સ્કીઝોફ્રેનીયાના રોગમાં શંકાશીલતા, વહેમ એ ખૂબ જ સામાન્ય લક્ષણોમાંનું એક છે. દર્દીને અલગ અલગ પ્રકારના વહેમો કે શંકાઓ હોય છે. દા.ત. લોકો મારા વિશે વાતો કરે છે, મારા પર હસે છે, મને હેરાન કરવા માંગે છે, મને લૂંટવા-મારી નાખવા માંગે છે. પોતાના જીવનસાથીનું ચારિત્ર્ય બરાબર નથી, પોતાના મગજના વિચારો કોઈ જાણી જાય છે પોતાના મગજ પર અન્ય કોઈએ કાબુ કરી લીધો છે આવી શંકાઓ થયા કરે છે.

આ રોગના દર્દીઓને વારંવાર ભ્રમણાઓ થતી હોય છે. કયારેક હાજર ન હોય તેવી અનુભૂતિઓ થતી હોય છે. દા.ત. અવાજો સંભળાવા, દૃશ્યો દેખાવા વગેરે કોઈ વ્યકિત પોતાને હસાવતી હોય, રડાવતી હોય, ધમકાવતી હોય તેવી અનુભુતિ થાય... આના જવાબ રૂપે તેઓ તે અવાજ સામે હસતા, બોલતા, રડતા, ગુસ્સો

● અનુસંધાન પાન-૭ પર

સેક્ટરોના બોરનું પાણી પોર્ટેબલ

જલસેવા ભવન ખાતે પાણીના નમૂનાની ચકાસણી કરાઈ

ગાંધીનગર, તા. ૩૧

શહેરના સેક્ટરોમાં બોરમાંથી સપ્લાય થતા પાણીની ગુણવત્તા ચકાસવા નમૂના લેવાયા હતા. સે. ૧૫ સ્થિત જળસેવાભવન ખાતે પાણીના આ નમૂનાઓનું પરિક્ષણ કરાયું હતું જેના અંતે બોરના પાણીમાં કલોરાઈડ, ફલોરાઈડ અને કેલ્શિયમ સહિતના જરૂરી તત્વો સપ્રમાણ હોવાનું માલુમ પડ્યું છે. જેના અંતે સેક્ટરોના બોરનું પાણી પોર્ટેબલ હોવાનું સ્પષ્ટ થયું છે.

શહેરમાં પાણીની ખેંચના મામલે છાશવારે બૂમરાણ ઉભી થતી રહે છે. બીજીતરફ પાણીની ગુણવત્તા સામે પણ પ્રશ્નાર્થ મંડરાય છે. ગત ચોમાસા દરમિયાન પણ સેક્ટરોમાં લાંબા સમય સુધી ડહોળુ પાણી આવતુ હોવાની વ્યાપક ફરિયાદો સ્થાનિક રહીશોના રોષનું કારણ બની હતી. નર્મદાની મુખ્ય કેનાલમાં પાણીની સપાટી વધતા પાણી શુદ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતાના અભાવે સેક્ટરોના નળમાં ડહોળુ પાણી આવતા નાગરિકો રોષે ભરાયા હતા. આવા સંજોગોમાં નગરજનોમાં પાણીની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ મંડરાતા તંત્ર દ્વારા પાણીના નમૂના લઈ પરિક્ષણ અર્થે મોકલવામાં આવ્યા હતા. શહેરના સેક્ટરોમાં કાર્યરત બોરમાંથી સપ્લાય થતા પાણીની ગુણવત્તા ચકાસવા પણ તંત્ર દ્વારા સમયાંતરે પાણીના નમૂના લઈ ચકાસણી કરવામાં આવે છે. જેમાં ચોમાસા પૂર્વે અને વરસાદી દિવસો બાદ પણ શહેરમાં પાણીના બોરમાંથી નમૂના લઈ પાણીની ગુણવત્તા ચકાસવા ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર શહેરના નવવિકસિત વિસ્તારમાં સે. ૩ અને સે. ૫ના પાણીના બોર ઉપરાંત સેક્ટરના અન્ય બોરમાંથી તંત્ર દ્વારા પાણીના નમૂના લેવાયા હતાં બોરમાંથી લેવાયેલા પાણીના નમૂના ચકાસણી અર્થે સે. ૧૫ સ્થિત જળસેવા ભવન ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. ચકાસણીના અંતે સેક્ટરોમાં સપ્લાય થતા બોરના પાણીમાં સોડીયમ, કાર્બાઈડ, ફલોરાઈડ સહિતના તત્વો સપ્રમાણ હોવાનું ધ્યાને આવ્યું છે. જેના અંતે બોરનુ પાણી સલામત અને પીવાલાયક હોવાનું પણ માલુમ પડ્યું છે.

નદીના પટમાં દેશીદારૂની ભઠ્ઠીઓ પર પોલીસ ત્રાટકી

૧૫૦૦ લીટર દેશી દારૂ બનાવી શકાય તેટલો દારૂ ગાળવાના વોશનો નાશ : કોટેશ્વર અને ભાટની સીમમાં નદીના પટ પર છ ભઠ્ઠા મળી આવ્યા : ૧૫ પીપ વોશ, ૧૫૦ લીટર દેશીદારૂ ભરેલા ૧૦ કેરબા અમદાવાદ-ગાંધીનગર જિલ્લાની પોલીસનું સંયુક્ત ઓપરેશન પરોઢે શરૂ થયું

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર અને અમદાવાદ બન્ને જિલ્લાની પોલીસ દ્વારા આજે વહેલી પરોઢે સંયુક્ત ઓપરેશનથી સાબરમતી નદીના પટ પર વર્ષોથી ધમધમતા દેશી દારૂના ખુબ જ મોટા ભઠ્ઠાઓ પર સપાટો બોલાવી દીધો હતો. ગાંધીનગર અને કલોલ ડીવીઝનના ડી.વાય.એસ.પી. સહિત અડાલજ પોલીસ મથકના ૩૦ જેટલા પોલીસના કાફલાએ કોટેશ્વર અને ભાટ ગામની સીમમાં નદીના પટ પર દરોડા પાડીને ૩ હજાર લીટર દારૂ બનાવવા માટે વપરાતા વોશનો નાશ કરીને છ ભઠ્ઠાઓમાંથી ૧૫૦ લીટર દેશી દારૂ જપ્ત કર્યો છે જો કે પોલીસના કાફલાને જોઈને તમામ ભઠ્ઠાના ભુટલેગરો ફરાર થઈ ગયા હતા. અડાલજ પોલીસે ભઠ્ઠાઓ ચલાવતા છ ભુટલેગરો વિરૂદ્ધ ગુના દાખલ કરી શોધખોળ શરૂ કરી છે.

ફરાર બુટલેગરો

- બચુજી રામાજી ઠાકોર - ગામ ભાટ
- રમેશજી જામાજી ઠાકોર - ગામ ભાટ
- કાનાજી રામાજી ઠાકોર - ગામ - ભાટ
- મુકેશ અમૃત દંતાણી - ગામ - ભાટ
- બોડાજી ઉર્ફે દિનેશ જયંતિજી ઠાકોર- ગામ - કોટેશ્વર
- ભરતજી મફાજી ઠાકોર - ગામ - કોટેશ્વર

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી સાબરમતી નદીના પટ પર વર્ષોથી દેશી દારૂની ભઠ્ઠીઓ ચાલે છે અને હજારો લીટર દેશી દારૂ બનાવીને રોજેરોજ બેરોકટોક હેરાફેરી થાય છે. જે અનુસંધાને અમદાવાદના નરોડા, સાબરમતી અને સરદારનગર પોલીસ સ્ટેશન તથા ગાંધીનગરના અડાલજ,

● અનુસંધાન પાન-૭ પર

વાવોલ-ચિલોડામાં પણ ગરીબો માટે આવાસ યોજના બાંધવા વિચારણા

ગુડા હસ્તકની જમીન નિયત થયા બાદ અહેવાલ તૈયાર કરાશે

ગાંધીનગર, તા. ૩૧

શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા રાયસણમાં ગરીબો માટે આવાસ યોજનાનું કામ હાથ ધરાયા બાદ આગામી દિવસોમાં વાવોલ તેમજ ચિલોડામાં પણ ગરીબ આવાસ યોજના તૈયાર કરવા ચકો ગતિમાન થયા છે. આ મામલે ગુડા હસ્તકની જમીન નિયત થયા બાદ દરખાસ્ત તૈયાર કરાશે.

પાટનગરમાં દિનપ્રતિદિન ઝુંપડાઓ વધતા અનેક સમસ્યાઓ ઉદ્‌ભવી છે. ઘર વિહોણા લોકોના લીધે ઝૂંપડપટ્ટીની સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. આ સઘળી સ્થિતિના અંતે પાટનગર યોજના ભવન દ્વારા પણ કોલવડાની સીમમાં ૮૦૦ જેટલા આવાસ બનાવવાનું કામ હાથ ધરાયું છે. જયારે આ કામગીરી પણ આગામી ૬ મહિનામાં પૂર્ણ કરી દેવાશે. બીજી તરફ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા પણ ગરીબો માટે ૧૨૦૦ જેટલા ફલેટ બાંધવાની યોજના અમલી બનાવાઈ છે, જયારે હવે ગરીબ આવાસ યોજના અન્વયે અન્ય ઠેકાણે કામ હાથ ધરવા પણ ચકો ગતિમાન થયા છે. અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર રાયસણમાં આવાસ યોજના બાંધવાનો નિર્ણય લેવાયા બાદ હવે વાવોલ અને ચિલોડા વિસ્તારમાં પણ ગરીબો માટે આવાસ બાંધવા વિચારણા હાથ ધરાઈ છે. ગુડાના તંત્ર દ્વારા વાવોલ અને ચિલોડા વિસ્તારમાં જમીન નિયત કરવા પણ કવાયત હાથ ધરવામાં આવી છે. નવી આવાસ યોજના માટે ગુડા હસ્તકની જમીન નિયત થયા બાદ ગુડાના તંત્ર દ્વારા યોજનાને લઈ શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવામાં આવશે જયારે આ અહેવાલના આધારે દરખાસ્ત તૈયાર કરી સરકાર સમક્ષ મંજૂરી અર્થે મુકાશે. અલબત્ત કોલવડા, રાયસણની સાથે સાથે અન્ય ઠેકાણે ગરીબોને માથે છત આપવા ટુંકમાં આયોજન હાથ ધરાય તેવી સંભાવના છે.

નાણા વિભાગના અગ્રસચિવ તરીકે હસમુખ અઢીયાની નિમણુંક

ગાંધીનગર, તા. ૩૧

શિક્ષણ વિભાગના અગ્ર સચિવ તરીકે ફરજ બજાવતા હસમુખ અઢીયાને નાણા વિભાગમાં નિમણુંક આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ અત્યંત વિશ્વાસપાત્ર સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નાણા વિભાગમાં અધિક મુખ્ય સચિવ તરીકે ફરજ બજાવતાં ડૉ. વરેશ સિન્હાને રાજયના મુખ્ય સચિવ તરીકે નિમણુંક આપવામાં આવી છે.

આજે શિક્ષણ વિભાગના અગ્ર સચિવ તરીકે ફરજ બજાવતા હસમુખ અઢિયાને નાણા વિભાગમાં નિમણુંક આપવામાં આવી છે. જો કે તેઓ શિક્ષણ વિભાગના અગ્રસચિવ તરીકે પણ કાર્યભાર સંભાળશે. આ ઉપરાંત અન્ય એક સનદી અધિકારી બી.બી. સ્વેનને જીએમડીસીનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. જ્યારે અલોરીયાને સરદાર સરોવર નર્મદા નિગમના એમ.ડી.નો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.

જાણીતા ટેક્ષ એડવોકેટ હરીશ ત્રિવેદીના મોટાભાઈ સુભાષ ત્રિવેદીનું અવસાન

ગાંધીનગર, તા. ૩૧

શહેરના જાણીતા ટેક્ષ એડવોકેટ હરીશભાઈ ત્રિવેદીના મોટાભાઈ

સુભાષભાઈ ત્રિવેદીનું દુઃખદ અવસાન થયું છે. સદ્‌ગત અંતિમયાત્રા તા. ૧ ફેબ્રુઆરી શુક્રવારના રોજ સવારે ૪.૩૦ કલાકે પંચવટી હોલ, શ્રેય હોસ્પિટલ પાસે સ્થિત એમરલ્ડ રેસીડેન્સી ૨૦૩ ખાતેથી નિકળશે. સ્વ. સુભાષચંદ્ર હિંમતલાલ ત્રિવેદી અમદાવાદમાં માર્ગ-મકાન વિભાગની કચેરીમાં કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા હતા. તેમના અવસાનથી ભાઈ હરીશભાઈ ત્રિવેદી, પુત્ર નિકુંજ સુભાષચંદ્ર ત્રિવેદી, કથન ત્રિવેદી સહિતના પરિવારજનોમાં શોકની લાગણી વ્યાપી છે. સદ્‌ગતનું બેસણું તા. ૩ ફેબ્રુઆરી રવિવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન આર.કે. રોયલ હોલ, સત્યમ કોમ્પલેક્ષ સામે સાયન્સસીટી રોડ સોલા ખાતે રાખવામાં આવ્યું છે.

સ્વ. માણેકલાલ પટેલની જન્મતિથિ નિમિત્તે આજે મહારક્તદાન યજ્ઞ

સે. ૧૫ એલ.ડી.આર.પી. કોલેજ, સે. ૨૩ કડી કેમ્પસ સહિત ચાર સ્થળોએ શિબિર યોજાશે : ૧ હજાર બોટલ રક્ત એકત્રિત કરાશે

ગાંધીનગર, તા. ૩૧

કર્મચુડામણી સ્વ. માણેકલાલ પટેલની જન્મતિથિ નિમિત્તે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા આજે વિવિધ ચાર સ્થળોએ મહારક્તદાન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહા શિબિર દરમિયાન કડી કેમ્પસના વિદ્યાર્થીઓ અને સ્ટાફના સભ્યો અંદાજિત ૧ હજાર બોટલ રક્તદાન કરી શિક્ષણક્ષેત્રે આગવુ યોગદાન પ્રાપ્ત કરનાર સ્વ. માણેકલાલને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ આપશે.

પાટનગરમાં વિદ્યાર્થીઓને ઘરઆંગણે કે.જી. થી પી.જી.નું શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવી શિક્ષણક્ષેત્રે સિંહફાળો આપી જીવન સમર્પિત કરી દેનાર કર્મચુડામણી સ્વ. માણેકલાલ પટેલને સાચી શ્રદ્ધાંજલિ અર્પવા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સમયાંતરે વિદ્યાર્થીઓ સહિત સમાજ ઉપયોગી ઉમદા કાર્યો હાથ ધરવામાં આવે છે. થોડા દિવસો અગાઉ પણ સ્વ. માણેકલાલની પુણ્યતિથિ નિમિત્તે કડી કેમ્પસના વિદ્યાર્થીઓને અંદાજિત રૂ. ૧ કરોડથી વધુ રકમની સ્કોલરશીપ આપવામાં આવી હતી. જ્યારે તા. ૧ ફેબ્રુઆરીના રોજ સ્વ. માણેકલાલની જન્મતિથિ નિમિત્તે પણ સંસ્થા દ્વારા મહારક્તદાન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તેમજ રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે યોજાનાર મહારક્તદાન શિબિર અન્વયે સવારે ૧૦ થી ૨ કલાક દરમિયાન સે. ૧૫ સ્થિત એલ.ડી.આર.પી. કોલેજ સે. ૨૩ સ્થિત એચ.કે. પટેલ ઈન્સ્ટીટ્યૂટ તેમજ એમ.એમ.બી.એડ. કોલેજમાં કેમ્પ યોજાશે. આ ઉપરાંત કડી ગામમાં પણ કેળવણી મંડળ દ્વારા રક્તદાન કેમ્પ યોજાશે. વિદ્યાર્થીઓ, સ્ટાફના સભ્યો પણ રક્તદાન કરશે. આ દરમિયાન અંદાજિત ૧ હજાર બોટલ રક્ત એકત્રિત કરાશે.

ગાંધીનગર સહિત રાજ્યભરમાં વાતાવરણમાં પલ્ટો : ઠંડી ગાયબ

ગાંધીનગર, તા. ૩૧

છેલ્લા બે દિવસથી વાતાવરણમાં જોરદાર પલ્ટો આવ્યો છે. વાદળછાયા વાતાવરણમાં ઠંડી સાવ ઘટી ગઈ છે. હવે તો પંખા ચલાવવા પડે છે. લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રીથી વધી ગયું છે.

હવામાન વિભાગના સુત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર સ્ટ્રોંગ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પરિણામે છેલ્લા કેટલાક દિવસોથી વાદળછાયુ વાતાવરણ સર્જાયુ છે. વાતાવરણાં પલ્ટા સાથે ઠંડી સાવ ગાયબ થઈ ગઈ છે. જાન્યુઆરી માસની શરૂઆતમાં વસાહતીઓએ તીવ્ર ઠંડીનો અનુભવ કર્યો હતો. ત્યારબાદ ઠંડા પવનોએ વસાહતીઓને હેરાન

> **વાદળછાયા વાતાવરણમાં ઠંડી સાવ ગાયબ થઈ ગઈ ! બપોરે પંખા ચલાવવા પડે તેવી સ્થિતિ**

પરેશાન કરી મુક્યા હતા. તીવ્ર ઠંડીનો અનુભવ કર્યા બાદ છેલ્લા બે દિવસથી ઠંડી ગાયબ થઈ ગઈ છે. હવે જાણે ઉનાળો નજીક આવી ગયો હોય તેમ દિવસે ગરમી લાગવા માંડી છે. ઘર અને ઓફિસોમાં છેલ્લા ઘણા દિવસોથી સાવ બંધ થઈ ગયેલા પંખા ચાલવા માંડ્યા છે. પંખાની સ્પીડ ધીરે ધીરે વધી રહી છે. આ વર્ષે ઠંડીની શરૂઆત વહેલી થઈ હતી. આથી ઠંડી વહેલી વિદાય લઈ રહી હોય તેમ લાગી રહ્યું છે. જો કે સામાન્ય રીતે ફેબ્રુઆરી માસમાં ઠંડી વિદાય લેતી હોય છે. ફેબ્રુઆરી માસના પ્રારંભે ઠંડીનો જોરદાર રાઉન્ડ આવે તેવી સંભાવનાઓ પણ હવમાનશાસ્ત્રીઓએ વ્યક્ત કરી છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com